## :: ફોજદારી કેસ નં. ૨૨૪૪/૨૦૨૪ ના કામે આંક–૧૪ લગત હુકમ ::

૧. ફરીયાદી ધ્વારા હાલ ની અરજી આપી જણાવેલ છે કે, આરોપી વિરૂધ્ધ દિવાની કાર્યવાહી કરવાની શરતે પરત ખેચી લેવાની પુરસીસ આપેલ પરતું નામદાર કોર્ટ ધ્વારા આંક–૧ લગત પક્ષકારો નું સમાધાન થઇ ગયેલ હોય ફરીયાદીએ કેસ પરત ખેચી લીધેલ છે તેવો હુકમ કરવામાં આવેલ છે. આમ, સદરહુ ફરીયાદ શરતી વિડ્રો કરવામાં આવેલ હોય અને પક્ષકારો વચ્ચે કોઇ સમાધાન થયેલ નથી પરતું બજવણી ન થઇ શકવાના કારણે શરતી વિડ્રો કરવામાં આવેલ છે. અને જો હુકમમાં સુધારો કરવામાં ન આવે તો ફરીયાદીના સીવીલ હકકોને નુકશાન થાય તેમ છે જેથી હુકમમાં સુધારો કરવાની અરજી આપેલ છે.

૨. અરજી તથા કેસનું રેકર્ડ તથા ફરીયાદી ધ્વારા આંક– ૧૨ થી આપવામાં આવેલ વિડ્રો પુરસીસ વંચાણે લીધી તેમા સ્પષ્ટ પણે '' આરોપી સમન્સ ની બજવણી થવા દેતા ન હોય જેથી ભવિષ્યમાં ફોજદારી તથા દિવાની કાયવાહી કરવાની શરતે પરત ખેચી લઇએ છીએ '' તેવો ઉલ્લેખ કરેલ છે. આમ, ફરીયાદીની અરજી કેસ નું રેકર્ડ ધ્યાને લેતા લોક અદાલતના વધુ ભારણના કારણે સમાધાન થઇ ગયેલ હોય તેવો હુકમ કરવામાં આવેલ છે જે શરત ચુક થી થયેલ હોય, આમ જો સદરહુ હુકમમાં જો સુધારો કરવામાં ન આવે તો ફરીયાદીને નાંણા થી ભરપાઇ ન થાય તેવું નુકશાન થાય તેમ છે અને તેમના હકકો પણ માયા જાય તેમ છે. જેથી ફરીયાદીની હાલની અરજી મંજુર કરવા ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧)   તા.૧૧–૦૭–૨૦૨૬ ના રોજ આંક–૧ લગત કરવામાં આવેલ હુકમ માં પેરા નં. ૧ માં '' Permission to " પછી " Conditionally " નો ઉમેરો કરવો તથા સદરહુ પેરામાં "On the ground that the matter has been amicably settled between the parties " ડીલીટ કરી તેની જગ્યાએ '' With permission to file Civil or Criminal proceedings against the accused '' નો ઉમેરો કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ પેરા– નં. ૩ ડીલીટ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં ઓર્ડર પોર્સનમાં '' permitted to '' પછી '' Conditionally '' નો ઉમેરો કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨)   અગાઉ નો જે પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ તેવો જે હુકમ ડી.સી.આઇ.માં અપલોડ કરવામાં આવેલ તે ડીલીટ કરી સુધારેલો હુકમ અપલોડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તારીખ : ૦૭ મી, માહે : ઓગષ્ટ , સને : ૨૦૨૬ ના રોજની ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા. ૦૭-૦૮-૨૦૨૬.**
**સ્થળ- બારડોલી**

**( અભિનવ મુદગલ )**
**એડી. ચીફ જ્યુડી. મેજી., બારડોલી**
**કોડ નંબર– જીજે. ૦૧૩૩૨**